R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 50 DATE: 15-12-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## રિઝર્વ બેન્કની રોકડ અનામતનો ઉપયોગ ખજાનાની લુંટ હશે : અરવિંદ સુબ્રમણ્યમ

કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નોટબંધીના પગલાને આકરાં ગણાવીને તેની ટીકા કરનાર પુર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે અર્થવ્યવસ્થાથી જોડાયેલા અનેક મામલા પર ખુલીને પોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા છે.તેમણે એવુ પણ કહ્યુ હતું કે પ્રવર્તમાન સંજોગો જોતાં દેશે થોડા સમય માટે મંદી સહન કરવા તૈયાર રહેવું પડશે.



પોતાના પુસ્તક ઓફ કાઉન્સીલ : ધ ચેલેન્જીસ ઓફ ધ મોદી-જેટલી ઈકોનોમી, ના વિમોચન માટે ભારતના પ્રવાસે આવેલા સુબ્રમણ્યમે કહ્યુ કે રાજકીષીય ખાધને ઘટાડવા માટે રિઝર્વ બેન્કની અનામતોનો ઉપયોગ બેન્કના ખજાનાની લુંટ હશે.

નોટબંધી માટે અત્યંત આકરા અને અર્થ વ્યવસ્થાને આંચકો આપતાં પગલાં જેવા શબ્દોના ઉપયોગ મામલે તેમણે કહ્યુ કે ૮૬ ટકા રોકડને ચલણમાંથી દુર કરવાના પગલાંને તમે શું કહેશો ? આકરો શબ્દ ગંભીરતા માટેનો એકમાત્ર સંકેત છે.તમે ગમે તે કહો પરંતુ આ પગલાંથી અર્થતંત્રને અસર થઇ છે.

જો કે નોટબંધી અગાઉ તેમની સાથે મસલત કરાઇ હતી કે કેમ તે મામલે ફરી જવાબ આપવાનું તેમણે ટાળ્યું હતું. તેમણે કહ્યુ કે આ અંગે મે મારા પુસ્તકમાં લખ્યું છે. એક અર્થશાસ્ત્રી તરીકે તમે ભારત જેવા અન્ય કોઇ દેશ માટે નોટબંધીની ભલામણ કરશો કે કેમ તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યુ હતું કે આ તે દેશ પર આધારિત છે.આ નિર્ણય જે તે દેશને કરવાનો છે.

સરકાર અને રિઝર્વ બેન્ક વચ્ચે ટકરાવ મામલે તેઓ બોલ્યા કે રિઝર્વ બેન્કે સારુ કામ કર્યુ છે.પરંતુ છેલ્લા સાત-આઠ વર્ષમાં નાણાંકીય પધ્ધતિની સતર્કતા ચિંતાનું કારણ છે.આઇએફએલ એન્ડ એફએસમાંથી અચાનક રુ. ૯૦હજાર કરોડ છુમંતર થઇ ગયા અને કોઇને જાણ ન થઇ.

## રિઝર્વ બેન્કમાં સબ સલામત નથી: ગર્વનર ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું

છેલ્લા કેટલાક સમયથી સરકાર સાથેના મતભેદો ચાલી રહ્યા હતા અને તેના કારણે આરબીઆઇના ગર્વનર ઉર્જિત પટેલ રાજીનામું આપશે તેવી અફવાઓથી બજાર ગરમ હતું. અને આખરે તેમનું રાજીનામું આવી પડ્યું.૨૮ વર્ષ પછી પહેલી વાર આરબીઆઇના ગર્વનરે તેમનો કાર્યકાળ પુરો થાય તે પહેલાં રાજીનામું ધરી દીધું.સરકાર માટે કહેવાતા આંચકા સમાન ઘટના નથી.કારણકે સરકારની સાથેના મતભેદો ઉકેલાય તેવા નહોતા અને સરકારને હાજી હામાં હાજી કરે તેવો વ્યક્તિત્વ જોઇતો હતો. સરકારને રિઝર્વ બેન્કનું ભંડોળ વાપરવા માટે જોઇએ છે અને છેલ્લા સાડાચાર વર્ષમાં થયેલા આર્થિક પાયમાલીને છેલ્લા થોડાક મહિનાઓમાં મોટી મોટી યોજનાઓ જાહેર કરીને પાછું સત્તામાં આવવા માટે કામ કરવું છે.પરંતુ તે બાબત ઉર્જિત પટેલના હોદા પર રહેવાથી શક્ય બની શકે તેમ નહોતી.જો કે તેમણે કાર્યભારમાંથી હટી જવા માટે પોતાનું અંગત કારણ દર્શાવ્યું છે પરંતુ મોટા હોદાઓ જ્યારે ત્યાગવા પડે ત્યારે આવા બહાના બતાવા પડે છે.સરકાર અને આરબીઆઇના ગર્વનર વચ્ચે સર્જાયેલા મતભેદોનો ઉકેલ લાવવા માટે થોડા દિવસ પહેલાં આરબીઆઇ બોર્ડની બેઠક બોલાવાઇ હતી. જેમાં કેટલાક મુદ્દાઓ ઉકેલવાની દિશામાં આગળ વધવાના સંકેતો મળતા હતા.પણ આખરે આ ફોર્મ્યુલા નિષ્ફળ ગઇ. થોડા દિવસો બાદ ફરી આરબીઆઇની બેઠક મળવાની છે ત્યારે તે પહેલાં ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું છે.દેશના ઇતિહાસમાં ૨૮ વર્ષ પછી આ ઘટના ઘટી છે.રુ.૨૦૦ અને રુ.૨૦૦૦ની ચલણી નટો ભારતની ઇકોનોમીમાં પહેલી વાર ચલણમાં મુકાઇ. જેમા ઉર્જિત પટેલની સહીઓ હતી.

આરબીઆઇમાં જે કંઇ ચાલી રહ્યું છે તે સરકાર માટે ખતરાની ઘંટી વગાડે છે.બે વર્ષ પહેલાં તત્કાલિન ગર્વનર રઘુરામ રાજને નોટબંધીના સરકારના નિર્ણયના વિરોધમાં તેમજ અન્ય મતભેદોને કારણે રાજીનામું આપ્યું હતું.નીતિ આયોગમાં શ્રી અરવિંદ પનગઢિયા અને બે ત્રણ મહિના પહેલાં સરકારના મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે પણ રાજીનામું આપ્યું છે.હવે ઉર્જિત પટેલ પણ આ કલબમાં જોડાઇ ગયા છે.સરકારના હઠાગ્રહોને કારણે આ મહાનુભાવોએ રાજીનામું આપવાનું પસંદ કર્યુ છે. રાજીનામું પાછળના કેટલાક મુદાઓમાં તેઓની અસહમતી હતી.

રાજકોષીય ખાદ્યને અંકુશમાં રાખવા આરબીઆઇ બેન્ક પાસેથી કેશ રિઝર્વમાંથી રુ.૩.૬૦લાખ કરોડ સરકારને આપવા જેનો અમલ કરવા આરબીઆઇના ગર્વનરે ઈન્કાર કર્યો હતો.

બેન્કોને એનપીએમાંથી બચાવવા બેકોમાં વધુ મુડી ઠાલવવી. જેનો આશિક અમલ કરવા આરબીઆઇ સંમત થઇદેશની હાઉસીંગ અને નોનબેન્કીંગ ફાઇનાન્સ કંપનીઓને બચાવવા નાણાંબજારમાં વધુ નાંણા ઠાલવીને નાણાંની પ્રવાહિતા વધારવી, જેનો અમલ કરવા આરબીઆઇ સંમત નહોતી.

આરબીઆઇ બોર્ડમાં સરકારના નોમિનેટ સભ્યોની સંખ્યા વધારવાની માંગણી.જે યોગ્ય નથી જ..સરકાર માટે હવે પરિસ્થિતિ વિકટ બનશે.

## બુલંદ શહેરમાં થયેલ હિંસામાં પોલીસ ઇન્સ્પેકટરનું મોત એક અકસ્માત : યુપી મુખ્યમંત્રી યોગી

યુપીના બુલંદશહેરમાં ગૌરક્ષા કાજે બજરંગદળ,શિવસેના,હિંદુવાહીની,અને અન્ય કેટલાક સંગઠનો દ્વારા મોબ લીચીંગમાં માર્યા ગયેલા પોલીસ ઈન્સ્પેકટર સુબોધકુમારની હત્યાની ઘટનાને યુપીના મુખ્યમંત્રીએ અકસ્માતમાં ખપાવીને આખી ઘટનાને બદલી નાંખવા પ્રયત્ન કર્યો છે.

યોગી આદિત્યનાથે પોલીસ અધિકારીની હત્યાની ઘટના એ ભીડ દ્વારા થયેલ હત્યા નથી જો કે આ ઘટનામાં જે કોઇ સંડોવાયેલ હશે તેમને સજા થશે.તેવું નિવેદન દિલ્હીના એક ઈવેન્ટમાં કર્યુ હતું.ઉલ્લેખનીય છે કે ૪૦૦થી વધુ લોકોએ પોલીસ સ્ટેશનને ઘેરી લઇને આગચંપી અનેવાહનોની તોડફોડ કરી હતી.ટોળાએ આચરેલી હિંસામાં પોલીસ ઈન્સ્પેકટરનું મોત નીપજ્યું હતું અને પોસ્ટમોર્ટમના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તેમની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.વીડીયો ફુટેજમાં દેખાયા મુજબ પોલીસ ઈન્સ્પેકટરની હત્યા સેનાના એક જવાને કરી હતી જેને યુપી પોલીસને સોપી દેવાયો હતો.રાષ્ટ્રીય રાઇફલ્સના યુનિટે જવાનને વધુ પોલીસ તપાસ માટે યુપી પોલીસને સોપ્યો હતો.સરકારે આ ઘટનામાં એસએસપી કૃષ્ણ બહાદુરસિહની બદલી કરી નાંખી હતી.તેમની જગ્યાએ સીતાપુરના એસપી પ્રભાકર ચૌધરીની નિમણુંક કરવામાં આવી હતી.

## બ્રાઝિલના કેથેડ્રલ ચર્ચમાં ગોળીબારમાં પાંચના મોત

બ્રાઝિલના કેપીનાસ શહેરના એક કેથડ્રલમાં પ્રાર્થના દરમિયાન કરાયેલા ગોળીબારમાં ઓછામાં ઓછા પાંચ શ્રધ્ધાળુઓના મોત નિપજયા હતા.પાછળથી હુમલાખોરે પણ આપધાત કરી લીધો હતો.પોલીસે જણાવ્યુ હતું કે બંધુકધારીએ કેથેડ્રલની અંદર એક રિવોલ્વર અને ૦.૩૮ બોરની એક પિસ્તોલથી ગોળી ચલાવી હતી. જેમાં કેટલાય લોકોને ઈજા થઇ હતી. ગોળીબારનો હેતુ અને બંધુકધારીની ઓળખ હજુ થઇ શકી નથી.પોલીસ પ્રવક્તાએ જણાવ્યુ હતું કે એક અજ્ઞાત શખ્સે ચર્ચમાં પ્રવેશ કર્યો અને કેટલાય લોકો પર ગોળી ચલાવી હતી.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## તેલંગાણામાં કે.ચંદ્રશેખર રાવ મુખ્યમંત્રીપદના શપથ લેશે

તેલંગાણાની રચના થયા બાદ તેલંગાણા રાષ્ટ્ર સમિતિ સતત બીજી વાર રાજ્યમાં સરકાર રચશે.પોતાની તરફેણમાં જનાદેશ પ્રાપ્ત થયા બાદ ટીઆરએસના અધ્યક્ષ તેમના તમામ ચુંટાયેલા ૮૮ સભ્યોની હાજરીમાં મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે.

હૈદ્રાબાદના તેલંગાણાભવન ખાતે ટીઆરએસની વિધાનસભા પક્ષની બેઠક મળી હતી. જેમાં ચુટાયેલા સભ્યોએ સર્વસંમતિથી કે.ચંદ્રશેખર રાવને પોતાના નેતા તરીકે પસંદ કરતો ઠરાવ પસાર કર્યો હતો.હવે રાવ રાજભવન ખાતે આયોજિત સમારંભમાં શપથ ગ્રહણ કરશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણી માટે એમ કહેવાતું કે ૨૦૧૯માં લોકસભાની થનારી ચુંટણીઓ માટેનું આ એક પરિણામલક્ષી પ્રથમ ચરણ કહેવાશે.આ ચુંટણીઓમાં જેનો હાથ ઉપર રહેશે તે આવનારી ચુંટણીઓમાં મેદાન મારી જશે તેવું મનાય છે. ખેર ૨૦૧૭માં રાહુલ ગાંધી કોંગ્રેસના અધ્યક્ષ બન્યા હતા.રાહુલના નેતૃત્વમાં કોંગ્રેસની આ પહેલી મોટી જીત છે.કોંગ્રેસે ભાજપને રાજસ્થાન,છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાંથી સત્તા બહાર કરી દીધું છે.

દેશમાંથી કોંગ્રેસની બાદબાકી કરવાની વાત કરનારા નેતાઓનો નશો ચકનાચુર થઇ ગયો છે.પપુ કહેનારા લોકોને હવે ખબર પડી કે પપુ પાસ થઇ ગયો છે.ગુજરાતમાં કોંગ્રેસે આકરી ટક્કર આપી હતી. કર્ણાટકમાં એણે સરકાર બનાવી હતી. ગોવામાં બહુમતી હોવા છતાં સરકાર બનાવી ના શક્યા એ સિવાય રાહુલ ગાંધીનો કોંગ્રેસમાં પોતાની પ્રતિભા ઉભી કરવા માટેનો પ્રયાસ કામયાબ નિવડ્યો તેની ના પાડી શકાય તેમ નથી.કોંગ્રેસમુક્ત ભારતની વાતો કરનારા ભાજપી નેતાઓ હજુ પણ સ્વપ્ના રાચે છે. જો કે હવે આ સમય આત્મમંથનનો છે.જો કે રાહુલે કહ્યુ હતું કે અમારી લડત વિચારધારાની છે નહીં કે કોઇનાથી ભારત મુક્ત કરવાની .અમે કોઇને પણ ભારતમાંથી મુક્ત કરવા માંગતા નથી.૨૦૧૪ની લોકસભાની ચુંટણીની હાર તેમના માટે પથદર્શક બની. ખેર જે ભુલોમાંથી શીખે તે વિજયને વરે અને જે મદમાં અને તોરમાં મગ્ન જ રહે તેમને નાલેશી અને હાર મળે.

ભાજપની હાર પાછળ અનેક કારણો રહ્યા છે.નોટબંધી, જીએસટી, બેરોજગારી,ખેડુતોની સમસ્યા વિગેરે પ્રશ્નો તેમને નડ્યા છે. તેમણે પ્રચાર અને પ્રસાર દ્વારા લોકમત જીતવાનો પ્રયતન્ કર્યો તેમજ ભય ફેલાવવાનો પણ પ્રયત્ન તેમને હાર અપાવવામાં કામ કરી ગયો.મંદિર,ગૌમાંસ જેવા મુદ્દાઓ હવે લોકોનો આર્કષી શકે તેવા રહ્યા નથી.

## મંતવ્ય

વિધાનસભાની ચુંટણીઓના પરિણામ આવી ગયા.અને કોંગ્રેસની ઘરવાપસી થઇ.તો ભાજપના વિકાસને પ્રજાએ તિલાંજલી આપી.ખરેખર લોકો બોલતા નહોતા અને શાંતિ ચિત્તે વિચારતા થયા પરિણામ એ આવ્યું કે કેટલાક શોરબકોર,પ્રચાર જાત જાતના એકબીજા પર આરોપો,આક્ષેપો,અને હલકી પ્રકારની ટિપ્પણીઓથી પ્રજા કંટાળી ગયેલી અને આખરે તેમણે કોંગ્રેસને તક આપી. રાજસ્થાનમાં કેટલાક મત વિસ્તારોમાં જીતેલા ઉમેદવારો કરતાં નોટામાં પડેલા વોટોની સંખ્યા મોટી હતી.એટલે લોકોને રોષ ભારે છે. તેઓ રાજકારણીઓથી ખફા તો જરુર છે તેમાં શક નથી. પરંતુ કમને પણ કોકને વોટ આપવો પડે તેવી સ્થિતિ છે.

પાંચ રાજ્યોના ચુંટણી પરિણામો પછી હવે અન્ય રાજ્યોમાં પણ તેના પડઘા પડવાના છે.કેટલાક ગુજરાત જેવા રાજ્યોમાં ભાજપની નેતાગીરી સામે નીચેના લોકોએ બુમો અને અસંતોષ વ્યક્ત કરવાનો જાહેરમાં ચાલુ કરી દીધો છે.અત્યાર સુધી શિસ્તના નામે દબાયેલ લોકો હવે મેદાનમાં આવી ગયા છે.એટલે ચારે બાજુથી ભાજપને ફટકો પડી રહ્યો છે. વડાપ્રધાન અને નાણાંમંત્રીની કાર્યશૈલીથી દુભાયેલા લોકો તેમને છોડી રહ્યા છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ સરકારને છોડીને ચાલ્યા ગયા છે.સરકારને ચલાવવા માટે બેફામ ખર્ચને માટે રિઝર્વ બેન્કજ લુંટવી એવું ગણિત નક્કી કરાયું છે.તેવું રાજીનામું આપી છુટા થનારા આરબીઆઇના ગર્વનરના બળાપા કહે છે.નોટબંધીના નામે પ્રજાને લુંટી છે અને અમીરો અને કાળાબજારીયાના રુપીયા સફેદ નાણાંમાં પરિવર્તન કરી નંખાયા છે. તેવું માનનારો વર્ગ દેશમાં મોટી સંખ્યામાં વધી રહ્યો છે ત્યારે હવે ૨૦૧૯માં રામ મંદિરના મુદ્દે ચુંટણીઓ જીતી લેવી ભાજપ માટે અઘરી સમસ્યા છે.જો કે તેમણે ધર્મના નામે,સાધુ સંતોનો સાથ મેળવવીને વેતરણી પાર કરવા માટેના પ્રયત્નો જારી રાખ્યા છે.હિદુ કટ્ટરતાવાદ ક્યાં સુધી તેમને પોષશે તે એક સવાલ છે છતાં દેશની જનતા આ બાબતે જાગશે નહીં ત્યાં સુધી આવા લોકો તરી જવાના એક સામાન્ય બાબત છે. દેશના નાગરિકોને મોંઘવારી,બેરોજગારી જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. એની તરફ કોઇનું ધ્યાન કેન્દ્રીત થતું નથી.દેશની પ્રજાએ હવે એવા લોકોની સરકાર બનાવવા તરફ લક્ષ્ય રાખવું જોઇએ કે જે તેમની સમસ્યાઓનુ સમાધાન આપ શકે. જગતનો તાત ગણાતો ખેડુત શ્રમ કરીને પણ પુરતુ કમાવી શકતો નથી અને આત્મહત્યા કરવી પડે તે કેટલું દુઃખદ છે.

રમણીક જે.પરમાર


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


# ઉર્જિત પટેલના રાજીનામાંથી આરબીઆઇની નીતિગત પ્રાથમિકતા અંગે જોખમ : ફિચ

ફિચ રેટિંગ્સે કહ્યુ હતું કે ઉર્જિત પટેલના રાજીનામાને કારણે રિઝર્વ બેન્કની નીતિગત પ્રાથમિકતા સામે જોખમ ઉભુ થયું છે.રિઝર્વ બેન્ક પર સરકારની વગ વધવાથી બેડ લોનની સમસ્યા ઉકેલવાના પ્રયાસ પર પણ અસર થઇ શકે છે. ફિંચ રેટિંગ્સે તેના નિવેદનમાં કહ્યુ છે કે સરકારે રિઝર્વ બેન્ક પર આર્થિક વૃધ્ધિ ઝડપી બને તે માટે સતત દબાણ કર્યુતેને પગલે ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું છે.તેને કારણે આરબીઆઇની નીતિગત પ્રાથમિકતા સામે જોખમ ઉભુ થયું છે.

તેણે કહ્યુ હતું કે બેન્કોની બેડ લોનની સમસ્યા ઉકેલવાની આરબીઆઇમાં ક્ષમતા છે.અને ફુગાવાને પણ અંકુશમાં રાખવાની તેની ક્ષમતાછે. જેથી આર્થિક માહોલ સ્થિર રહે.પરંતુ આરબીઆઇ પર સરકારની વગ વધવાનથી આ પ્રયાસોને અસર થઇ શકે છે.

ફિચ રેટિંગ્સે કહ્યુ કે લાંબા ગાળે બેડ લોનની સમસ્યા ઉકેલવા માટેના પગલાંમાં પીછેહઠ થશે અને નબળી બેન્કોને આગળ ધપાવવાના પ્રયાસ થશે તો તેની નકારાત્મક અસર થશે અને તેના કારણે નાણાંકીય સિસ્ટમ પર જોખમ વધશે.તેણે કહ્યુ કે ઉર્જિત પટેલને સ્થાને નવા નિયુક્ત થયેલા આરબીઆઇના ગર્વનર શક્તિકાંત દાસના નેતૃત્વમાં હવે કેવી નીતિ અને અભિગમ અપનાવાય છે તેના પરથી પટેલના રાજીનામાની સંપુર્ણ જટિલતાની અસર માલુમ પડશે.

રેટિંગ એજન્સીએ કહ્યુ કે રિઝર્વ બેન્કનું સ્ટેન્સ કદાચ બદલાશે નહીં.પરંતુ લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર કેટલાક રાજકીય પ્રોત્સાહનો જાહેર કરી શકે છે. જેના માટે તેને રિઝર્વ બેન્કનો વધુ ટેકો જોઇશે.

ફિચનું માનવું છે કે સરકારે ૧૧ પીએસયુ બેન્કોને પ્રોમ્પ્ટ કરેક્ટિવ એકશનની યાદીમાંથી હટાવવા માટેઆરબીઆઇ પર દબાણ કર્યુ જે કામ ન લાગ્યું. આ ઉપરાંત નોન પર્ફોમીંગ લોન(એનપીએલ)ના નવા રેગ્યુલેટરી ફ્રેમવર્કની જોગવાઈમાં ફેરફારની સરકારની વાત પણ રિઝર્વ બેન્કે ન માની.તેણે કહ્યુ કે મોટાભાગની બેન્કો હાલમાં ધિરાણ વધારવા માટે નબળી છે.હાલના તબક્કે તો આરબીઆઇનું મેક્રોઇકોનોમિક પોલીસી ફ્રેમવર્ક વિશ્વસનીય છે અને અસરકાર છે.હવે જો સરકાર તેના પર દબાણ વધારશે તો તેવા સંજોગોમાં ફરી મુલ્યાંકન કરવું પડશે.

## ઉત્તરપ્રદેશમાં કોમી તણાવ ફેલાવવાનું સુનિયોજીત કાવતરુ ?

બુલંદ શહેરની ઘટનામાં તેહસીલદાર રાજકુમાર ભાસ્કરે જણાવ્યુ હતું કે શેરડીના ખેતરમાં ગૌમાંસ લટકાવેલું હતું. હેગરમાં વસ્ત્ર જેમ લટકાવવામાં આવે તેમ ગાયનું માથું અને ચામડાં લટકાવેલાં હતા.રાજ્યની સ્થિતિ જોતાં કોઇ ગૌહત્યા કરે તો આ રીતે જાહેર પ્રદર્શન ના કરે.થોડા સમયમાં હિંદુ વાહીની, શિવસેના, અને બજરંગદળના કાર્યકરો અચાનક ઉમટી પડ્યા હતા અને હિંસા આચરવા લાગ્યા હતા.આ કોમી તણાવ ફેલાવવાનો સુનિયોજિત પ્રયાસ હતો કારણકે તે સમયે બુલંદશહેરમાં ૧૦ લાખ મુસ્લીમો એકઠા થયા હતાં.

જે શેરડીના ખેતરમાંથી ગૌમાંસ મળ્યાનો દાવો કરાયો છે તેની નજીક જ રહેતા એક ગ્રામીણે જણાવ્યુ હતું કે મે આગલા દિવસે ખેતરમાં કોઇ ગૌમાંસ જોયું નહોતું.હું ખેતરની બરાબર સામે રહું છું.મે ખેતરમાં કશું જોયું નહોતું.મે ખેતરમાં કોઇને ગૌહત્યા કરતાં પણ જોયા નહોતા.

પરિણામે આ ઘટના શંકા ઉપજાવે તેવી છે.૧. શેરડીના ખેતરમાં ગૌમાંસ લટકાવેલું હતું .હેગરમાં વસ્ત્ર લટકાવવામાં આવે તેમ ગાયનું માથું અને ચામડા લટકાવેલાં હતા.ગૌહત્યા કરનારા જાહેરમાં આવું કૃત્ય કરે નહીં.

૨.હિંદુ વાહીની, શિવસેના અને બજરંગ દળના કાર્યકરો અચાનક ક્યાંથી ઉમટી પડ્યા અને હિંસા આચરવા લાગ્યા હતા?

૩.બુલંદશહેરમાં ૧૦ લાખ મુસ્લીમો એકઠા થયા હતા.કોમી તણાવ ફેલાવવાનો આ કારસો હતો ?

ખેતરની સામે રહેનાર વ્યક્તિએ કોઇને શેરડીના ખેતરમાં ગૌહત્યા કરતાં જોયા જ નહોતા. તો માંસ આવ્યું ક્યાંથી.

આખી ઘટના વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવી હોય તેવું દેખાય છે.આ ઉપરાતં તેમણે મુસ્લીમો વિરુધ્ધ એફઆઇઆર લખાવી છે જે પોલીસે નોધીં છે.પોલીસે વગર સબુતે એફઆઇઆર નોધી તેમાં કેટલાક બાળકો છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386


## જાણવા જેવું !

માછલીની આંખો પર પાંપણ હોતી નથી.

કાકાકૌઆ તેની કલગીનો ઉપયોગ એકબીજાને ઈશારો કરવા માટે કરે છે.

વીછી ૨૬ પ્રદેશમાં ૧૧૬ ડીગ્રી ફેરનહીટ જેટલી ગરમીમાં પણ જીવતો રહી શકે છે.

છછુંદર એક રાતમાં ૩૦૦ ફુટ ઉંડો ખાડો ખોદી શકે છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



## પુર્વ ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડીયા 'કઠપુતળી 'હતા તેથી ન્યાય આપવાની પ્રક્રિયાને ગંભીર અસર પહોચતી :જસ્ટીસ(નિવૃત) કુરિયન જોસેફ

સુપ્રીમ કોર્ટના પુર્વ ચીફ જસ્ટીસ દિપક મિશ્રા કોઈ બાહ્ય સ્ત્રોતના પ્રભાવ હેઠળ કામગીરી કરી રહ્યા હતા અને તેના કારણે ન્યાય અપાવવાની પ્રક્રિયાને અસર થતી હતી તેઓ સનસનીખેજ દાવો જસ્ટીસ(નિવૃત) કુરિયન જોસેફ કર્યો હતો.ઉલ્લેખનીય છે કે આ વર્ષના જાન્યુઆરીમાં ત્યારના ચીફ જસ્ટીસ મિશ્રાની કામગીરીથી અસંતુષ્ટ સુપ્રીમના ચાર જજોએ એક પત્રકાર પરિષદ યોજીને પોતાનો બળાપો કાઢ્યો હતો.એ ચાર જજોમાં જસ્ટીસ કુરીયન જોસેફ પણ હતા.હવે નિવૃત્તિના ત્રણ દિવસ બાદ તેમણે ન્યાયતંત્રમા બાહ્ય હસ્તક્ષેપનો દાવો કરતાં ખળભળાટ મચી ગયો છે.

૨૯મી નવેમ્બરે નિવૃત થયેલા જસ્ટીસ જોસેફે કહ્યુ હતું કે ત્યારના ચીફ જસ્ટીસ કોઈ બાહ્ય સ્ત્રોતના થોડાક પ્રભાવ હેઠળ કામ કરી રહ્યા હતા.તેમનું સંચાલન બહારથી રિમોટ કંન્ટ્રોલ દ્વારા થતું હતું.આ બાહ્ય સ્ત્રોતના પ્રભાવને લઈને ન્યાય આપવાની પ્રક્રિયાને અસર થઇ રહી હતી.તેઓ ક્યા આધારે આવો દાવો કરી રહ્યા છે તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યુ હતું કે આ દાવો સુપ્રીમને નડતા મુદ્દાઓને મામલે જાહેરમાં આવેલા જજો અને અન્ય કોર્ટના જ અન્ય જજોમાં પ્રવર્તતી અવધારણાના આધારે કરાયો છે. જો કે આ બાહ્ય સ્ત્રોત કોણ છે અને ક્યા કેસોમાં પક્ષપાત થયો છે અને ન્યાયની પક્રીયાને અસર થઇ છે તે અંગે જણાવવાનો તેમણે ઈન્કાર કર્યો હતો.કોઈ ચોક્કસ કેસમાં કોઈ રાજકીય પાર્ટી અથવા સરકાર દ્વારા કથિત દબાણ થયું હતું કે કેમ તેવા સવાલના જવાબમાં જસ્ટીસ જોસેફે કહ્યુ હતું કે જજોનો માત્ર એટલો જ અભિપ્રાય હતો કે સબંધિત જજ દ્વરા થોડા પક્ષપાત હતા. તેમણે કહ્યુ હતું કે કોઈ ચોક્કસ કેસનો સંદર્ભ ટાંકવાની જરુર નથી. મને માફ કરો હું આ મામલો આગળ લઈ જવા માંગતો નથી. તેમ તેમણે કહ્યુ હતું પોતાની વાત આગળ ચલાવતાં તેમણે કહ્યુ હતું કે અમારા દબાણની અસર થઈ હતી.અને ચીફ જસ્ટીસ તરીકે જસ્ટીસ મિશ્રાના કાર્યકાળના અંતિમ સમય દરમિયાન સારી પરિસ્થિતિનું નિર્માણ થવાની શરુઆત થઈ હતી અને હવે જસ્ટીસ ગોગોઈની આગેવાનીમાં તે આગળ ચાલી રહી છે.જસ્ટીસ જોસેફે કહ્યુ હતું કે ૧ ૨ જાન્યુઆરીના પ્રેસ કોન્ફરન્સમાં ચાર જજોએ જે મુદ્દાઓ અને ફેરફારોની વિચારણા કરી હતી તેની શરુઆત ચીફ જસ્ટીસ મિશ્રાએ એ પછીના કાર્યકાળમાં શરુ કરી હતી.અને હવે તે સતત પ્રક્રિયા બની છે.હાલના ચીફ જસ્ટીસ ગોગોઈ તેને આગળ ધપાવી રહ્યા છે. બાહ્ય દબાણ અંગે ચાર જજોએ જસ્ટીસ મિશ્રા સાથે વાત કરી હતી.તેમણે પક્ષપાતની માન્યતા સાથે ચાલી રહેલા અનેક કેસોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.જસ્ટીસ જોસેફે દાવો કર્યો હતો કે ચીફ જસ્ટીસ મિશ્રા સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકતા નહોતા.જેની અમને ખાતરી છે.તેઓ બાહ્ય દબાણમાં છે તેની ખાતરી થયાબાદ પત્રકાર પરિષદ યોજવાનો નિર્ણય લેવાયો હતો.

જસ્ટીસ કુરીયન જોસેફની ટિપ્પણી બાદ કોગ્રેસે કહ્યુ હતું કે ટોચના સ્તરે સરકારી દરમિયાનગીરી ચાલતી હોવાના તેના આક્ષેપને પુરવાર કરે છે.તેમણે આ મામલે અલગ સંસદીય અને ન્યાયી તપાસની માંગણી કરી છે.

## અમેરિકામાં ૨૦૧૪ થી વીસ હજારથી વધુ ભારતીયોએ આશ્રય માંગ્યો

વર્ષ ૨૦૧૪ થી વીસ હજારથી વધુ ભારતીયોએ અમેરિકામાં શરણ લેવા માટે અરજી કરી છે.અને તેમાં પુરુષોની સંખ્યા સૌથી વધુ છે તેમ એક રિપોર્ટમાં જણાવાયું છે. ભારત માટે ચિંતાજનક કહી શકાય તેમ જુલાઈ સુધી સૌથી વધુ ૭૨૧૪ ભારતીયઓએ અમેરિકામાં આશ્રય માટે અરજી કરી છે.તેમાં મહિલાઓની સંખ્યા માત્ર ૨૯૬ હતી.તેમ અમેરિકાના હોમલેન્ડ સિક્યોરીટી ડીપાર્ટમેન્ટે જણાવ્યુ છે.

વર્ષ ૨૦૧૪માં ૨૩૦૬ ભારતીય નાગરિકોએ આશ્રય મેળવવા માટે અરજી કરી હતી.તેમાં મહિલાઓની સંખ્યા ૧૪૬ હતી. તે પછીના વર્ષે ૨૯૭૧ ભારતીયોએ આશ્રયની માંગણી કરી હતી.જેમાં ૯૬ મહિલાઓ સામેલ હતી.૨૦૧૬માં ૪૦૮૮ ભારતીયોએ અમેરિકામાં આશ્રય માટે અરજી કરી હતી.એ પછીના ૨૦૧૭ના વર્ષમાં ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સીક્યુરીટીને ૩૬૫૬ ભારતીયો તરફથી આશ્રય માટેની અરજીઓ મળી હતી.એક પંજાબી સંગઠન નાપાના અધિકારી સતનામ સિંહ ચહલે કહ્યુ હતું કે આ અમારા માટે એક ચિંતાની વાત છે.જેમને વંશ,ધર્મ,જાતિ,રાષ્ટ્રીયતા, એક ચોક્કસ જુથમાં સભ્યપદ અથવા રાજકીય અભિપ્રાયના મામલે સતામણીનું ચોક્કસ કારણ હોય તેવા લોકો અમેરિકામાં આશ્રય મેળવવા માટે અરજી કરે છે.

## ફ્રાંસમાં ઇંધણોમાં ભાવવધારાના વિરોધમાં સૌથી મોટા હિંસક તોફાનો : કટોકટી લાદવા ક્વાયત

ફ્રાંસમાં ઈંધણોપર ભાવવધારાના વિરોધમાં છેલ્લા દાયકાના સૌથી મોટા હિંસક તોફાનો ફાટી નીકળ્યા છે. જેને પગલે ફ્રાંસની સરકાર દેશમાં કટોકટી લાદવા વિચારણા કરી રહી છે.યલો વેસ્ટ રાયોટસના નામે જાણીતા બનેલા આ તોફાનોમાં ૨૦ પોલીસ કર્મી સહિત૧૩૩ લોકોને ઈજા પહોચી છે.અને ૪૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે.ઈંધણો પર ટેકસ અને મોંઘવારી પર જીવન દોહ્યલું બનતાં ચળવળકારો સડકો પર ઉતરી આવ્યા હતા.તોફાનીઓએ સડકો પરના વાહનોને આગ ચાપી હતી.ઈમારતોના કાચ તોડી નાંખ્યા હતા.મોટા સ્ટોર્સમાં લુંટ ચલાવવામાં આવી હતી.પેરિસના ૨૦ મેટ્રો સ્ટેશન બંધ કરી દેવાયા હતા. અને પરા વિસ્તારની દુકાનો અને સ્ટોર્સ બંધ કરી દેવાયા હતા.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

### જાણવા જેવું !

થાઈલેન્ડમાં પરીક્ષામાં ચોરી કરવા માટે, ત્યાંના કાનુનમાં કોઈ સજાની જોગવાઈ નથી.

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝ માં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.

## ઇરાન પર અમેરિકાએ પ્રતિબંધો મુકવાની ધમકી સામે ઇરાને ગલ્ફમાંથી ઓઇલ પુરવઠો બંધ થઇ જશે તેવી વળતી ધમકી આપી

ઈરાનના પ્રમુખ હસન રૌહાનીએ અમેરિકાના પ્રતિબંધો સામે આકરુ વલણ અપનાવીને ખુલ્લેઆમ ધમકી આપી છે કે જો અમેરિકા નહીં માને તો ગલ્ફના તમામ દેશોમાંથી ક્રુડનો પુરવઠો બંધ કરી દેવાશે. ઈરાનની ધમકીનો ગલ્ફના દેશો અમલ કરશે તો આખા વિશ્વમાં ક્રુડ ઓઈલનું સંકટ સર્જાઇ શકે છે.

રૌહાનીએ દાવો કર્યો હતો કે અમેરિકાના આર્થિક કે અન્ય પ્રતિબંધોની ઈરાન પર કોઈ અસર થઈ નથી.આ અગાઉ જુલાઈમાં પણ રૌહાનીએ અમેરિકાને સિંહનું પુછડું આમળવાની ચેતવણી આપી હતી.અને ઈરાન સાથે નરમ વલણ અપનાવવા કહ્યુ હતું.રૌહાનીએ ગલ્ફના દેશોમાંથી આખા વિશ્વને ક્રુડનો પુરવઠો બંધ કરવાની ધમકીનો પુનરોચ્ચાર કર્યો હતો.તેમણે એક ટીવી પ્રસારણમાં અમેરિકાને ચેતવણી આપતાં કહ્યુ હતું કે અમેરિકા જાણી લે કે તે ઈરાનને ઓઈલની નિકાસ કરતાં કોઈપણ સંજોગોમાં રોકી શકશે નહીં.જો અમેરિકા કોઈ અટકચાળો કરશે તો પર્શિયન ગલ્ફમાંથી ઓઈલની નિકાસ બંધ કરવામાં આવશે.

## અમેરિકાના ૪૧માં રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ એચ.ડબલ્યુ બુશનું નિધન

અમેરિકાના પુર્વ રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ એચ.ડબલ્યુ બુશનું ટેક્સાસના હ્યુસ્ટન ખાતે તેમના નિવાસ સ્થાને નિધન થયું હતું. તેમની ઉંમર ૯૪ વર્ષની હતી. તેઓઅમેરિકાના ના ૪૧માં રાષ્ટ્ર પ્રમુખ હતા.લાંબી માંદગી બાદ તેમનું નિધન થયું હતું.અમેરિકાના સૌથી લાંબુ આયુષ્ય ભોગવનારા તેઓ રાષ્ટ્રપ્રમુખ હતા.તેઓ ઘણા સમયથી પાર્કિન્સન રોગથી પીડાતા હતા.જયોર્જ બુશ સિનિયર અને જ્યોર્જ બુશ જુનિયર બંને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા હતા.બેઉ પિતા પુત્ર તરીકે રાષ્ટ્રપ્રમુખ બન્યા તે પહેલાં જ્હોન આદમ્સ અને જ્હોન ક્વીન્સી આદમ પિતા પુત્ર અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ બન્યા હતા.

જ્યોર્જ એચ.ડબલ્યુ બુશને તેમના પુત્ર જુનિયર બુશે એક સદચરિત્ર વ્યક્તિ અને સર્વશ્રેષ્ઠ પિતા ગણાવ્યા હતા.બુશના પત્ની બાર્બરા બુશનું પણ આ વર્ષે એપ્રિલમાં નિધન થયું હતું.બેન્નેનું લગ્નજીવન આશરે ૭૩ વર્ષ જેટલું ચાલ્યું હતું.અમેરિકાના ૪૧માં રાષ્ટ્રપ્રમુખ બુશ વિદેશ નીતિના સારા જાણકાર હતા.વર્ષ ૧૯૮૯માં સોવિયત સંઘના વિભાજનમાં તેમની ભુમિકા અતિ મહત્વની હતી.તેના આશરે બે વર્ષ બાદ તેમણે કુવૈતમાં ઘુસણખોરી કરનાર ઈરાકના શક્તિશાળી નેતા સદામ હુસેનને પરાજીત કરવા માટે એક અભુતપુર્વ ગઠબંધન પણ બનાવ્યુ હતું.સીઆઈએના પુર્વ પ્રમુખ રહેલા બુશ માત્ર એક કાર્યકાળ સુધી જ સત્તામાં રહ્યા હતા.દેશની નબળી અર્થવ્યવસ્થાને કારણે તેમને ૧૯૯૨માં ડેમોક્રેટના ઉમેદવાર બિલ ક્લિન્ટન સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો.રાજકીય સ્થિરતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સામાન્ય સંમતિના તરફેણ કરનાર બુશની વિચારધારા અમેરિકાના હાલના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી તદ્દન વિપરીત હતી.સદ્દગતના કુટુંબીજનોને ઈશ્વર આશ્વાસને અને દિલાસો આપે.

ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

ભારતમાં ટપાલખાતામાં પીનકોડની પ્રથાની શરુઆત ૧૯૭૨થી અમલમાં આવી હતી.

રોમને સાત પહાડોના શહેર તરીકે ઓળખવામાં આવે છે.

### જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સૌને પ્રભાવિત કરવાની ફેશન બની રહી છે

સૌનું ધ્યાન પોતાના તરફ આકર્ષાય એવી ધખણા સેવતો માણસ કેટલીક વાર પોતાને હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકી દેતો હોય છે.બીજો પ્રભાવિત કરવાની ઈચ્છા દરેકને હોય છે. પરંતુ આવી ઈચ્છા હઠ બહાર વકરે ત્યારે મનોવિકૃત્તિનું સ્વરુપ ધારણ કરે છે.અધુરો ઘડો છલકાય, એ કહેવતને ચરિતાર્થ થતી જોવી હોય તો જાહેર સમારંભોમાં બીજાને પ્રભાવિત કરવા ઉધામા આચરતા માણસોની આજુબાજુ ગોઠવાઇ જવું.ટોળાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા માણસોની ઓળખ મેળવી લઈએ : જાહેર સ્થળો પર પોતાના ભવ્ય પોષાકથી બધાને આંજી દેવાની પેરવીમાં રહેતા માણસો તમે જોયા હશે.શરીરને ઢાંકવાને બદલે ખુલ્લુ કરે એવા વસ્ત્રો ધારણ કરનાર માણસ બધાનું ધ્યાન ખેચવામાં સફળ થાય છે. ઊંચા અવાજે છટાદાર ભાષણ ઠોકતો માણસ પોતાની આજુબાજુ દસ પંદર માણસોનું ટોળું એકત્ર કરીને ઊભો હોય તો સમજી લેવું કે મહાશય બધાને પ્રભાવિત કરવાની વેતરણમાં છે.એક લગ્ન સમારંભમાં ટોળું ભેગું કરીને સૌને પોતાના પરાક્રમો સંભળાવતા શુરવીરને કન્યાના પતાએ બે હાથ જોડીને કહેવુ પડેલું , સર, આપ ગયા અઠવાડિયે પ્રેસિડેન્ટ બરાક ઓબામા સાથે વાઈટ હાઉસમાં ડિનર લઈ આવ્યા એ માટે અભિનંદન.પરંતુ તમે આ બધી વાતો બહાર જઈને કરો તો સારુ. તમને સાંભળવામાં ગોર મહારાજ લગ્ન વિધિ તરફ ધ્યાન આપી શકતા નથી. ટ્રેનમાં, બસમાં, રેલ્વે પ્લેટફોર્મ પર, સ્મશાનમાં અને બેસણાંમાં સર્વત્ર બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા ધરાવતા એકાદ બે શુરવીરો તમને જરુર થી ભટકાશે.એક વાર અમે પબ્લીક ગાર્ડનમાં ઈવનિંગ વોક માટે ગયા હતા. એ સમાજ સેવક જેવો દેખાતો પ્રૌઢ વયનો માણસ મોટા થેલામાં પાંચ રુપીયાના બિસ્કિટના પેકેટ લઈને ત્યાં આવી પહોચ્યો.એમની સાથે એક ફોટોગ્રાફર પણ હતો. ગાર્ડનમાં એમણે ફરતા બાળ ભિખારીઓને એકત્ર કરીને બિસ્કીટ વહેચવાનું શરુ કર્યુ. સમાજ સેવક પંદર વિસ પેકેટ વહેચ્યા. ફોટોગ્રાફરે ફોટા ખેચી લીધા, અને ખેલ પુરો થયો.પત્નીએ મને પુછ્યું : આ બધું શું હતું ! મે સમજાવ્યું :આ વિશિષ્ઠ પ્રકારની સમાજસેવા છે. સમાજસેવકે ગરીબ બાળકોને બિસ્કીટ વહેચ્યા તેનો ફોટો આવતી કાલે અખબારમાં છપાશે. એમણે માત્ર બિસ્કીટ વહેચ્યા છે. પરંતુ બિસ્કીટ અર્પણ કાર્યક્રમના ફોટા નીચે લખાયું હશેઃ ગરીબ બાળકોને બિસ્કીટ અને શુધ્ધ ઘીની સુખડી વહેચવામાં આવ્યા હતા.આપણે બાળ ભિખારીઓના ફોટા જોઈને હરખાવવાનું.કોઈ પણ માણસ બીજાને પ્રભાવિત કરવા આવા ખેલો પાડવાની જરુર કેમ પડે છે ? પોતાના તરફ બધાનું ધ્યાન આર્કષિત કરવાથી શો ફાયદો ? યુવામિત્રો સાથે વ્યક્તિત્વ વિકાસના સિધ્ધાંતો ચર્ચતી વખતે બધાને પ્રભાવિત કરવાના માર્ગો અંગે પણ વાતો થાય છે.બધા પર છવાઈ જવાની ઈચ્છા સહજવૃત્તિઓનો જ એક ભાગ છે. પરંતુ જ્યારે એ ઈચ્છાનો અતિરેક થાય ત્યારે એ સહજવૃત્તિ મટીને મનોવિકૃત્તિ બની જાય છે. એક ચિંતકે કહ્યું છે : આપણે બીજાને પ્રભાવિત કરવાનું છોડી દઈએ અને માત્ર પોતાને જ પ્રભાવિત કરી શકીએ તોય એ પુરતું છે.કોઈના લગ્ન પછી યોજાયેલા સન્માન સમારંભમાં ગયેલા માણસ દસ પંદર માણસોનું ટોળું ભેગુ કરીને ભાષણ ઠોકવાની ચેષ્ટા શા માટે કરે ? સૌના ધ્યાનનું કેન્દ્ર તો વર-કન્યા હોવા જોઈએને, તેઓ વચ્ચે ક્યાંથી ટપકી પડ્યા ? કિંમતી વસ્ત્રો અને ઘરેણા પહેરીને અન્ય સૌને પ્રભાવિત કરવાની ઈચ્છાને અનિષ્ઠ ન ગણીએ તો ચાલે કારણ કે એવું કરનારા બીજાને તકલીફ પહોચાડવા વગર ચુપચાપ પોતાની જાહેરાત કરતા હોય છે.જો કે શરીર પર શોભાયમાન પાંચ લાખ રુપીયાના સુટથી કે બે લાખ રુપીયાની સાડીથી પ્રભાવિત થનાર મુર્ખ માણસો કેટલા ?કાંડા પર બંધાયેલી ઘડિયાળ, પ્રાગણમાં પાર્ક થયેલ એંસી લાખની કાર કે ગળામાં લટકતો અમુલ્ય(વર્થલેસ)નેકલેસ કેટલા માણસોને પ્રભાવિત કરી શકે ?છતાં બધાને પ્રભાવિત કરવા અખત્યાર થતા આ ઉધામાઓ નિર્દોષ સ્વરુપના છે અને તેથી ક્ષમાને પાત્ર ગણાય.પરંતુ ગાંધી,કૃષ્ણ કે મહાવીર જયંતીના ઉપલક્ષમાં યોજાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં વ્યાખ્યાન શરુ થાય તે પુર્વે પોતાનો પ્રભાવ પાથરવા કોઈ પરાક્રમી પુરુષ એવું બોલતા સંભળાય કે બોસ, મારી દારુની બોટલ પાંચ હજારની થાય છે.તમે મહિને દસ હજારમાં ઘર ચલાવવાની વાત કરો છો? સદાચાર અને સંયમની વાતો એકવીસમી સદીમાં બકવાસ છે.... જિંદગી જલસા કરવા માટે છે બોસ .તો શું સમજવાનું ? આપણે નમ્રતાથી ધીમા અવાજે એમને એટલું જરુર પુછી શકીએ : તમે આ વ્યાખ્યાનમાળામાં કઈ રીતે ભુલા પડ્યા, બોસ. સાચું પુછો તો બીજાને પ્રભાવિત કરવાના ઉધામા જ ગલત છે.અનિચ્છનીય છે અને માણસે ખ્યાતિ મેળવવા કદી એવા ડ્રામા કરવા તરફ ન વળવું જોઈએ. બીજા પર છવાઈ જવાન પેરવીમાં રહેતો માણસ છેવટે ઓળખાઈ જાય છે. પકડાઈ જાય છે અને શાણા તથા સમજદાર માણસોનો આદર ગુમાવે છે. સમાજમાં હાસ્યાસ્પદ ઠરે છે.માણસ માનવ મેદની સમક્ષ પોતાનો પ્રભાવ પાથરવાની કોશિશ કેમ કરે છે ?કોઈનો આદર પ્રાપ્ત કરવા માટેનો એ શોર્ટકટ છે. ઘણા બધા માણસોની નજરમાં વસી જવા માટેનો એ કીમીયો છે. લોકોને પ્રભાવિત કરવા માટે ડંફાસો મારવી પડે છે.જુઠુ બોલવું પડે છે.(ખુદ મુખ્યમંત્રીને ફોન કરીને મને સંસદની ચુંટણી માટે ટિકિટ આપવાની વાત કરી હતી પરંતુ આપણે સમાજસેવા છોડીને કીચડમાં શું કામ ચોખ્ખી ના પાડી દીધી બોસ.બધાની ખુશામદ કરવી પડે અને બધાની સામે કથક નૃત્ય પણ કરવુંપડે.વર્તનશાસ્ત્ર પ્રભાવ પાથરતા લોકોને અને પ્રભાવ હેઠળ આવી જતી જનતાને એક જ સલાહ આપે છે.: પ્રભાવ સાથે સબંધિત બંન્ને વર્તનોથી દુર રહે.જેમને સ્વંય પોતાને માટે આદર નથી તેઓજ બીજાનો આદર પામવા પ્રભાવ પાથરવાની કોશીશ કરે છે.પાંચ સાત શ્રોતાઓને ભેગા કરી ચટાકેદાર શૈલીમાં પોતાના પરાક્રમોની ડંફાસ મારતા સ્માર્ટ માણસોથી જરુર બચવું અને નવગજ દુર રહેવું . જ્યાં ને ત્યાં ટોળું જોઈને ધસી જઈએ તો કોઈને કોઈ વિદુષક આપણા પર પ્રભાવ પાથરી જાય તેવો પુરેપુરો સંભવ છે.જેઓ પ્રસંગની ગરિમા જાળવ્યા વગર કોઈ પણ ઠેકાણે પ્રભાવ પાથરવા અને આદર ઉઘરાવવા ઉભા થઈ જાય,એમને વળી આદર શાને આપવાનો ? વગર વિચાર્યે, કોઈના પણ પ્રભાવ હેઠળ આવવાથી બચીએ.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)

# પાંચ રાજ્યોની ચુંટણીમાં લોકોએ ભાજપ થી મુક્ત થવાની ઇચ્છા દર્શાવી : શિવસેના

મધ્ય પ્રદેશમાં ૧૫ વર્ષ પછી કોંગ્રેસે સત્તા હાંસલ કરવામાં સફળ રહી છે.સામાન્ય રીતે શહેરી વિસ્તારના મતદારો ભાજપની તરફેણ કરતા રહ્યા છે.પરંતુ આ વખતે શહેરી મતદારોએ કોંગ્રેસના હાથને સાથ આપતાં ભાજપને ભારે નુકશાન વેઠવું પડ્યું છે.અને ત્રણેય રાજ્યોમાં સત્તા ગુમાવવી પડી છે. હંમેશાની જેમ આ વખતે ગ્રામ્ય વિસ્તારના મતદારો અલગ-અલગ જુથમાં વહેચાયેલા નજરે પડ્યા છે.મધ્યપ્રદેશના પાટનગર ભોપાલની ૬ શહેરી સીટોમાં આ વખતે કોંગ્રેસને ત્રણ બેઠકો મળી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પીસી શર્માએ ભાજપની સૌથી સલામત બેઠક ભોપાલ -દક્ષિણ પરથી જીત મેળવી છે.ગ્વાલિયરમાં પણ કોંગ્રેસના પ્રમુખ પ્રધ્યુમનસિંહ તોમરે શિવરાજ સરકારના પ્રધાન જયભાનસિંહ પવૈયાને પરાજય આપ્યો છે.જ્યારે કોંગ્રેસના લખનસિંહ યાદવે ભાજપના કદાવર નેતા અનુપ મિશ્રાને હરાવ્યા છે.જો કે ઈન્દોરની શહેરી સીટો પર કોંગ્રેસનો જાદુ ચાલ્યો નથી.અને ૭ પૈકી પાંચ બેઠક પર ભાજપની જીત થઈ છે.બીજી તરફ માલવા-નિમાડની બેઠકો પર કોંગ્રેસનું પ્રભુત્વ જોવા મળ્યું છે.જબલપુરની વિધાનસભા બેઠકો પર પણ ભાજપને હારનો સામનો કરવો પડ્યો છે.વિંધ્ય વિસ્તારમાં કોંગ્રેસને મોટો ઝાટકો લાગ્યો છે.૨૦૧૩ થી ૨૦૧૮ સુધી વિધાનસભામાં વિપક્ષના નેતા રહેલા અજયસિંહ પોતાની સીટ બચાવી શક્યા નથી. અને લગભગ ૬૦૦૦ વોટોથી હારી ગયા છે.જો કે આ વિસ્તારમાં અન્યે ક્ષેત્રોમાં કોંગ્રેસને સફળતા મળી છે.

બીજી તરફ રાજસ્થાનમાં આ વખતે ધારણા કરતાં ઓછી મહિલાઓ વિધાનસભામાં પહોચી શકી છે.કુલ મળીને ૨૨ મહીલાઓ આ વખતે ચુંટાઈ છે.જ્યારે ૨૦૧૩માં ૨૮ મહિલાઓ ચુંટાઈ હતી.

ભાજપના સાથી પક્ષ શિવસેનાએ આકરા પ્રહારો કરતાં અને કટાક્ષ કરતાં પોતાના મુખપત્ર સામના માં કહ્યુ હતું કે વિધાનસભા ચુંટણીમાં લોકોએ ભાજપ મુક્ત થવાની ઈચ્છા દર્શાવી છે. તેમણે કહ્યુ હતું કે જે લોકો હવામાં ઊડી રહ્યા હતા તેઓને હવે નીચે ધરા પર આવી ગયા છે.

ભાજપ અને વડાપ્રધાન મોદી પ્રહારો કરતાં લખ્યું હતું કે વડાપ્રધાન મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ધરતી પર આવી ગયા છે. અને રાહુલ ગાંધી મેરીટ લિસ્ટમાં ચમકવા લાગ્યા છે.સામનામાં લખાયું છે કે મોદીનો ઉદય તથા ભાજપની વિજય યાત્રા જે રાજ્યોથી શરુ થઈ હતી ત્યાં જ ભાજપના રથના પૈડાં ફસાયા છે. હવે નરેન્દ્ર મોદી વડાપ્રધાન છે ત્યારે જ ચાર રાજ્યોમાં ભાજપને જોરદાર આંચકો લાગ્યો છે. તેમાંથી છત્તીસગઢ,મધ્યપ્રદેશ, રાજસ્થાન તો ભાજપના ગઢ હતા અને તેમાં તિરાડ પડશે એવું કોઈએ વિચાર્યુ નહોતું.

સામનામાં લખ્યું છે કે ભાજપાએ પ્રથમ તો મિત્રોને ભગાડ્યા અને હવે મહત્વપુર્ણ રાજ્યો ગુમાવ્યા છે.ગપ્પા મારીને હંમેશા જીતી ના શકાય.રાજસ્થાન,મધ્યપ્રદેશમાં ખેડુતો મુશ્કેલીમાં છે. તેમના પર ગોળીઓ વરસાવવા માટે મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ માંફી માંગી પણ ખેડુતોએ તેનો બદલો મતપેટી દ્વારા લીધો છે.

નોટબંધી જેવા નિર્ણયથી અર્થવ્યવસ્થા હચમચી ગઈ.રોજગારી ગઈ અને મોઘવારી વધી.એ સમયે આપણા વડાપ્રધાન રાજનીતિ કરવા માટે ઉડતા રહ્યા અને તેઓ સીધા ચુંટણી પ્રચારમાં અવતરિત થયા.

ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઈ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઈ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ જ્હોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો.૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.